ગાંધીનગર સમાચાર

મેલેરિયા-ડેન્ગ્યુ માટે પાંચ દિવસનું હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરાયું

# સરકારે લાભાર્થીઓને ફોર્મ નહીં પણ ચાવી આપી : નિતીનભાઈ

## ગુડા દ્વારા ડ્રો આધારે ૪૮૦ લાભાર્થીઓને મકાનની ફાળવણી : કુડાસણમાં ૭૫ કરોડના ખર્ચે સુવિધાયુક્ત આવાસો બનશે : નવી આવાસ યોજનાને શ્યામા પ્રસાદ મુખરજી નગર નામ અપાયું

ગાંધીનગર, તા. ૧૭

સરકારે લાભાર્થીઓના હાથમાં મકાનનુ ફોર્મ નહિ પણ મકાનની ચાવી આપીને નાગરિકોના ઘરના ઘરનુ સ્વપ્ન સાકાર કર્યુ છે. ગુડા દ્વારા આયોજિત



કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીના હસ્તે કુડાસણની એમ.આઈ.જી. આવાસ યોજનાને અનુલક્ષી ડ્રો કરવામાં આવ્યો હતો. જેના અંતે ૪૮૦ લાભાર્થીઓને મકાનની ફાળવણી કરવામાં આવી હતી.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજરોજ કુડાસણ-રાયસણ વિસ્તારમાં વોટર ડિસ્ટ્રબ્યુશન સ્ટેશન અને નેટવર્કનું લોકાર્પણ તથા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ગુડા વિસ્તારમાં નિર્માણ પામનાર એમ.આઈ.જી-૧ના ૪૮૦ આવાસોનો કોમ્પ્યુટરરાઈઝ ડ્રો નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. નવનિર્માણ પામનાર એમ.આઈ.જી-૧નું નામાવિધિ નાયબમુખ્ય મંત્રીશ્રીએ કરી હતી. આ સ્કીમનું નામ શ્યામા પ્રસાદ મુખરજી નગર રાખવામાં આવ્યું છે.

નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજયના પાટનગર ગાંધીનગરના માર્ગો પરની સ્ટ્રીટ લાઈટો એલ.ઈ.ડી.થી ઝગમગી ઉઠશે. તેમજ સરખેજથી ગાંધીનગર વચ્ચેની ટ્રાફિક સમસ્યાને હલ કરવાના ઉમદા આશયથી આ સરકાર દ્વારા ૬૦૦ થી ૭૦૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવવામાં આવી રહ્યાં છે.

● અનુસંધાન પાન-૭ પર

### મકાન વિહોણાં માટે હજુ પણ નવા એમ આઈ જી આવાસો બનશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે કુડાસણમાં તૈયાર થનારા એમ આઈ જી આવાસો અન્વયે ડ્રો કરવામાં આવ્યો હતો. આ તબક્કે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાંવ્યુ હતુ કે ગુડા વિસ્તારમાં આગામી દિવસોમાં હજુ પણ નવા આવાસો તૈયાર કરવામાં આવશે. જેથી આ ડ્રો ના અંતે બાકી રહી જતા લાભાર્થીઓને પણ સમાવી લેવાશે . અગાઉ કોંગ્રેસની ઘરના ઘરની જાહેરાતના લીધે પોલીસ મુકવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી. ભ્રામક પ્રચાર થયો હતો. જયારે અત્યાર સુધી સરકારી મકાન ન લેવાય તેવી છાપ લોકમાનસ પર મજબુત બની હતી.



### દિવાળી બાદ ૩ હજાર પરિવારોને નર્મદાનુ પાણી મળશે : આશિષ દવે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રથમ તબક્કામાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણ , ચિલોડા તેમજ અડાલજમાં એલ આઈ જી આવાસો બાંધવામાં આવ્યા હતા. જયારે બીજા તબક્કામાં એમ આઈ જી આવાસોનુ પણ હવે નિર્માણ કરવામાં આવશે. ગુડા વિસ્તારમાં આવાસોના નવા બ્લોક ઉભા કરવા ઉપરાંત માળખાગત સુવિધાના કામોને પણ વેગ આપવામાં આવી રહયો છે. ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાવ્યુ હતુ કે દિવાળી બાદ રાયસણ કુડાસણ વિસ્તારમાં નર્મદાનુ પાણી મળશે. ૩ હજાર પરિવારોને નર્મદાનુ પાણી મળશે. ત્યારબાદ વાવોલ સરગાસણ અને હડમતિયામાં પણ નર્મદાનુ પાણી મળી રહે તેવુ આયોજન કરવામાં આવશે.

# આજે જિલ્લા આયોજન સમિતિની ચૂંટણી

## ૧૫૩ મતદારો ૨૬ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે : બન્ને પક્ષો દ્વારા સભ્યોને મતદાન માટે મેન્ડેટ બજાવાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિની ૨૦ બેઠકો માટેની આજે ચૂંટણી યોજાશે. સવારે નવ વાગ્યાથી આ ચૂંટણી માટેનું મતદાન શરૂ થશે અને તે સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે.

જિલ્લા પંચાયતની ૧૬ બેઠક માટે ૧૮ ઉમેદવાર અને નગરપાલિકાની ચાર બેઠક માટે ૮ ઉમેદવારો મેદાનમાં છે. જિલ્લા પંચાયતની ૧૬ બેઠક માટે ૧૮ ઉમેદવારો અને ૩૦ મતદારો છે. જ્યારે નગરપાલિકાની ચાર બેઠક માટે ૮ ઉમેદવારો અને ૧૨૩ મતદારો છે.

ભાજપ અને કોંગ્રેસ વચ્ચે છેલ્લી ઘડીએ તુટી પડેલી મંત્રણા પછી આ જંગ નિશ્ચિત બન્યો છે. તંત્રએ મતદાન માટેની સંપૂર્ણ તૈયારીઓ પૂરી કરી લીધી છે.

આ ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકેની ફરજો બજાવતા નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલે જણાવ્યું હતું કે પંચાયત માટે સફેદ કલરનું મતપત્રક તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં એક મતદાર ૧૬ મત આપી શકશે. એથી ઓછા મત આપવા હશે તો પણ તે આપી શકશે.

નગરપાલિકાની ચાર બેઠક માટે ગુલાબી રંગનું મતપત્રક તૈયાર કરવામાં આવ્યુ છે. જેમાં મતદાર ચાર મત આપી શકશે. તેમણે જણાવ્યુ હતુ કે બન્ને ચૂંટણી માટે મતપેટીઓ પણ અલગ રાખવામાં આવી છે. આ ચૂંટણી નિષ્પક્ષ રીતે થાય તે માટે જરૂરી પોલીસ બંદોબસ્ત પણ મતદાન મથક પર રાખવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં આ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન ચાલશે. તેમણે જણાવ્યુ હતુ કે ૧૯મીએ મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ મતગણતરીનું પરિણામ પણ ૧૯મીએ બપોર સુધીમાં જાહેર કરી દેવામાં આવશે.

દરમ્યાન આજે યોજાનાર ચૂંટણીને લઈ બન્ને પક્ષોએ તેમની રણનીતિને આખરી ઓપ આપી દીધો છે. પંચાયત અને નગરપાલિકાના કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોની બેઠક પંચાયત પ્રમુખશ્રીના નિવાસસ્થાને યોજવામાં આવી છે.

બન્ને પક્ષો દ્વારા આ ચૂંટણીને લઈ પ્રદેશ તરફથી મેન્ડેટ આપવાનો નિર્ણય લેવાયો હોઈ તે સભ્યોને આપવામાં આવશે.

આ ચૂંટણીમાં નગરપાલિકામાં ભાજપના ૪ અને પંચાયતની ૧૬ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોનો વિજય સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તેવા સ્પષ્ટ સંકેત રાજકીય વર્તુળોમાંથી મળ્યા છે.

# મેલેરિયા-ડેન્ગ્યુ માટે પાંચ દિવસનું હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજથી શરૂ થયેલા પાંચ દિવસીય હાઉસ ટુ હાઉસ વાહકજન્ય રોગચાળા સર્વેલન્સના ત્રીજા તબક્કાના પ્રથમ દિવસે ત્રણ લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લા મેલેરિયા તંત્રના સૂત્રોએ આપેલી વિગતો પ્રમાણે ત્રીજા તબક્કાના આ સર્વેલન્સના આજના પ્રથમ દિવસે ૬૨ હજારથી વધુ ઘરોને આવરી લેવામાં આવ્યા છે. ૬૪૩ વ્યક્તીઓને તાવની અસર જણાતાં તેમના લોહીના નમુના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૯ પ્રા.આ. કેન્દ્રો અને ૩ અર્બન હેલ્થના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી આ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. પ્રથમ બે તબક્કાના સર્વેલન્સ દરમ્યાન ૯૫ ટકાથી વધુ વસ્તીને આવરી લેવામાં તંત્રને સફળતા મળી છે. આ વખતે પાંચ દિવસ દરમ્યાન આ સર્વેલન્સ કરવામાં આવશે.

જિલ્લામાં થયેલા પાછોતરા વરસાદને લઈ આજે ૨૦૩૬ જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રીડીંગ મળી આવતાં ત્યાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં છુટાછવાયા ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો મળી રહ્યા હોવાનો આડકતરો એકરાર તંત્રના અધિકારીઓએ કરતાં જણાવ્યું છે કે ગત વર્ષની તુલનામાં આ વખતે વાહકજન્ય રોગચાળાના કેસોમાં ઘટાડો જરૂર મળ્યો છે. જો કે કેસો છુટા છવાયા મળી રહ્યા છે અને ત્યાં એન્ટી લારવેલની કામગીરી પણ સઘન રીતે હાથ ધરવામાં આવી રહી છે. સમગ્ર જિલ્લામાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.




શિયાળાના વધામણા - શરદ પૂનમના પગલે શિયાળાના આગમનની અનુભૂતિ વર્તાય છે... ઠંડીનો ચમકારો વહેલી સવારે લાગે છે... સીતાફળ અને સફરજન આજકાલ શહેરના ફ્રૂટમાર્કેટમાં દેખાવા લાગ્યા છે... શક્તિવર્ધક ફળોના આગમનથી શિયાળાના એંધાણ વર્તાવા લાગ્યા છે...

વીસમી વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. કુંદનબેન બી. શુક્લ
આસોવદ બીજ - સંવત-૨૦૫૨
સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર-૧૯૯૬

જીવન એવું જીવી ગયા કે,
કદી ભુલાય નહિ,
વિદાય એવી અણધારી લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૨૦ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે
આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

બી. એ. શુક્લ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર, યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રોફ. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ,
શ્રીધા, તથા સમસ્ત પરિવાર

પદ્મશ્રી ડો. એચ. એલ. ત્રિવેદી
(ડાયરેક્ટર - કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
શ્રીમતી સુનિતાબેન. એચ. ત્રિવેદી (વિદુષી)
હરિપ્રસાદ ત્રિવેદી
(ડાયરેક્ટર, એગ્રી.)
સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.)

# ગાંધીનગર એસ.ટી. ડેપોમાં ૩૪ ડ્રાઈવર અને ૨૨ કન્ડકટરની ઘટ

## બસ સેવાને વિપરિત અસર

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટ બે વર્ષના અંતે પણ પુરાઈ નથી. ડ્રાઈવર-કંડકટરની ઘટના લીધે ઘણીવાર બસ કેન્સલ કરવી પડે છે. જેના લીધે મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવે છે. હાલની સ્થિતિએ ૩૪ ડ્રાઈવર તેમજ ૨૨ કન્ડકટરની ઘટ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. એસ ટી ડેપો દ્વારા હાલ ગાંધીનગર અમદાવાદ વચ્ચે ૯૦ શિડ્યુઅલ ટ્રીપ દોડાવામાં આવે છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે હાલ ડેપો તંત્ર દ્વારા ૯૦ ટ્રીપ દોડાવામાં આવે છે. બીજીતરફ એસ ટી ડેપોમાં છેલ્લા બે વર્ષથી ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન હલ ન થતા ઘણીવાર એસ ટી બસ કેન્સલ કરવાની ફરજ પડે છે. જેના લીધે મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવે છે. ડેપોમાં ડ્રાઈવર કંડકટર સહીત મિકેનીકની પણ ઘટ છે. ત્યારે ડ્રાઈવર કંડકટરની ઘટના લીધે એસ ટી બસ સેવા પર વિપરિત અસર થઈ રહી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.હાલ એસ ટી ડેપોમાં ૨૨૨ ડ્રાઈવરો છે. આમછતા હજુ ૩૪ ડ્રાઈવરોની ઘટ છે. જયારે ૨૨ કન્ડકટરની ઘટ હોવાનુ ધ્યાને આવ્યુ છે. એસ ટી તંત્ર દ્વારા આ ઘટ નિવારવા માટે નિગમને પણ જાણ કરવામાં આવી છે. આમછતા ઘટનો પ્રશ્ન હલ થતો નથી.

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે પીક પોકેટીંગના બનાવો પણ વધી ગયા છે. આવા સંજોગોમાં પોલીસ ચોકી કાર્યરત કરવાના મુદ્દે પણ એસ ટી નિગમ દ્વારા કોઈ નિર્ણય લેવાતો નથી. ત્યારે એસ ટી તંત્ર દ્વારા સલામત સવારી વધુ અસરકારક બનાવવા માટે ત્વરિત ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન હલ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


દિપાવલીના તહેવારો માટે ફ્રેશ ડ્રાયફ્રુટ-ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક
અરિહંત ડ્રાયફ્રુટ્સ
સંપર્ક : હેમાંગ ગાંધી
(ફોન : ૯૩૭૭૭ ૨૩૧૬૪)
૪૦૩, સહજાનંદ કોમ્પલેક્ષ(બેઝમેન્ટ), સે.-૩૦ ચાર રસ્તા, ગાંધીનગર
PARAM

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com